# લોક સંવાદ સેતુ તા. ૨૩/૦૪/૨૦૧૬
## તાલુકો – જસદણ જી. રાજકોટ

| | |
|---|---|
| | પ્રશ્ન ક્રમાંક : ૧૬ |
| અરજદારનું નામ – સરનામું : રાજુભાઇ ધાધલ<br>૨, હરિ કૃષ્ણ નગર, ગંગા ભુવન, આટકોટ રોડ, જસદણ | કચેરી : પી.જી.વિ.સી.એલ. જસદણ વિભાગીય કચેરી – જસદણ |

| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
|---|---|---|
| લોક સંવાદ સેતુ કાર્યક્રમ બાબત.<br>પ્રશ્ન-૧) જય ભારત , સાહેબ શ્રી જયંતિભાઈ કૂવાડિયા સાહેબ અમારા જસદણ શહેરમાં હાલ ભૂગર્ભ ગટર ના કામ ચાલુ છે અને ૬૦ થી ૭૦ ટકા કામ થઈ ગયેલ છે. હાલ સાહેબ શ્રી અમારા નવા વિસ્તારમાં રોડ અતિ ખરાબ છે. તો સાહેબ શ્રી હક જસદણ શહેર માં તાત્કાલિક રોડ રસ્તા કામ બાબત અગ્રતા આપવા આદેશ કરશો તેવી વિનંતી.<br>પ્રશ્ન-૨) જય ભારત, સાહેબ શ્રી સાહેબ શ્રી જયંતિભાઈ કૂવાડિયા સાહેબ અમારા જસદણ શહેરમાં પી.જી.વી.સી.એલ. ના પોલ અને ટી.સી. શહેરમાં ટ્રાફિકને નડતર રૂપ છે. અને અવાર નવાર ટ્રાફિક અને અકસ્માત થાય છે. માટે ટી.સી. અને પોલ રોડ સાઇડમાં થાય તેવા આપ શ્રી તરફથી હુકમ થાય અને આ બંને કામ ચોમાસા પહેલાને અગ્રતા આપવા વિનંતી છે. | પ્રશ્ન નં.૧૬ ના પેટા પ્રશ્ન (૧) રસ્તા તથા ભૂગર્ભ ગટર અંગેનો હોવાથી અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ સમાવેશ થતો નથી.<br><br>પ્રશ્ન નં.૧૬ ના પેટા પ્રશ્ન (૨) : અરજદારશ્રીએ જસદણ શહેરના ટ્રાફિકને નડતરરૂપ પોલ અને ટીસી નું ચોક્કસ સ્થળ દર્શાવેલ નથી આમ છતાં અરજદારશ્રીને વિનંતી કે નડતરરૂપ પોલ અને ટીસી નું ચોક્કસ સ્થળની અરજી નગરપાલિકા જસદણને આપવી જેથી શક્ય હશે તો સ્થળાંતર માટે અત્રેની કચેરીએથી ડી.આઈ.એસ.એસ. યોજના અંતર્ગત સદર કામની દરખાસ્ત બનાવી વર્તુળ કચેરીની મજૂરી લઈ આ કામ પૂર્ણ કરી આપવામાં આવશે.<br>મહાનગર પાલિકા તથા નગર પાલીકા વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ વીજ લાઇન અને વીજ પોલ ફેરવવા માટે ગુજરાત સરકાર દ્વારા ડીસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રકચર શીફટીંગ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ થી દાખલ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ જસદણ નગરપાલિકાના ઇજનેરો સાથે સંકલન કર્યા બાદ રસ્તા પરનાં અને નડતરરૂપ પીજીવીસીએલના હયાત થાંભલાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) ફેરવવા અંગેનું જરૂરી સર્વે કરવામાં આવેલ. જેમાં કુલ એલ .ટી.લાઇન ૬૦ મીટર, એચ.ટી. લાઈન ૧૦ મીટર, ૨૫ થાંભલાઓ અને ૩ ટી.સી. ખસેડવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ ૧,૭૪,૨૧૯ રૂ. થયેલ છે.<br>-વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૧૬-૧૭ નો આ યોજના અંતર્ગત જસદણ નગર સેવા સદન ની ડી.આઇ.એસ.એસ સ્કીમ હેઠળ હૈયાત રસ્તાઓ પર અડચણરૂપ લાઇન તથા ટ્રાન્સફોર્મર ફેરવવા બાબતની રજૂઆતનો કુલ ખર્ચ રૂ.૨,૮૪,૮૦૦ ની દરખાસ્ત કરેલ છે. જેમાં રસ્તાને નડતરરૂપ ટી.સી.ની સંખ્યા ૫ નંગ છે. | પ્રગતિમાં |

લોક સંવાદ સેતુ તા. ૨૩/૦૪/૨૦૧૬

તાલુકો –જસદણ જી. રાજકોટ

| | | |
|---|---|---|
| | | પ્રશ્ન ક્રમાંક : ૩૬ |
| અરજદારનું નામ – સરનામું : શ્રી ગજેન્દ્રભાઈ પી. રામાણી<br>જી.આઇ.ડી.સી.,જસદણ મુ. જસદણ તા. જસદણ જી. રાજકોટ | | કચેરી : પી.જી.વિ.સી.એલ. જસદણ વિભાગીય કચેરી – જસદણ |
| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
| હાલ આટકોટ સબ ડિવિઝ્ન છે તેનું બાય ફરગેશન કરી કમળાપૂર સબ ડિવિઝ્ન આપવું.<br><br>વીંછિયા સબ ડિવિઝ્ન છે. તેનું બાય ફરગેશન કરી ઘેલા સોમનાથ સબ ડિવિઝ્ન આપવું.<br><br>જેથી બંને વિસ્તારના ૫૦ ગામોને ફાયદો થાય તેમ છે. તો યોગ્ય કરવા વિનંતી. | પેટા વિભાગીય કચેરીના વિભાજનના માપદંડો અને નીતિનિયમોની ચકાસણી કરતા, આટકોટ અને વીંછિયા પેટા-વિભાગીય કચેરીઓના આ તમામ માપદંડો પી.જી.વિ.સી.એલ. ના પરિપત્ર નંબર પી.જી.વિ.સી.એલ./એચ.આર.-૨/ટેક-એચ.આર./૫૬૮૯ તા. ૧૬.૦૬.૨૦૧૫ મુજબ પરિપૂર્ણ થતા ન હોવાથી હાલમાં આટકોટ અને વીંછિયા પેટા વિભાગીય કચેરીઓ નું વિભાજન તાંત્રિક રીતે થઇ શકાય તેમ નથી | નિકાલ |

લોક સંવાદ સેતુ તા. ૨૩/૦૪/૨૦૧૬

તાલુકો –જસદણ જી. રાજકોટ

| | |
|---|---|
| | પ્રશ્ન ક્રમાંક : ૪૩ |
| અરજદારનું નામ – સરનામું : શ્રી ઈસ્માઈલભાઈ નુરમામદભાઈ ખીમાણી ભારત કોલ્ડડ્રિંકસ,મેઇન બજાર હરભોલે સામે મુ. જસદણ તા. જસદણ જી. રાજકોટ | કચેરી : પી.જી.વિ.સી.એલ. જસદણ વિભાગીય કચેરી – જસદણ |

| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
|---|---|---|
| તા. ૧૧.૦૪.૨૦૧૦ ના રોજ શ્રી ઈસ્માઈલભાઈ નુરમામદભાઈ ખીમાણીને ત્યાં ચેકિંગ કાર્ય થયેલ હતું આ ચેકિંગ થયા બાદ મને ૧૩૫ કલમ હેઠળ કેસપાવર ચોરીમાં ગણેલ હતો. હાલ મારી રજૂઆત ૧૩૫ કલમ બાબતની ચોરી નથી મને જે પુરવણી બીલ આપવામાં આવેલ છે તેની ગણતરી પી.જી.વી.સી.એલ. તથા જી.ઇ.આર.સી. ના નિયમ વિરુધ્ધ જઈને થઈ છે. તે બાબતની છે. મને આપવામાં આવેલ બિલમાં લોડની ગણતરી ખોટી છે. ચેકિંગ સમયે જે લોડ હતો તે મુજબ ગણતરી કરી નથી આ વિરુધ્ધ મે રાજકોટ સ્પે કોર્ટમાં દિવાની દાવો પણ દાખલ કરેલ છે.જી.ઇ.આર.સી. ના નિયમ મુજબ ચેકિંગ સમયે જે લોડ હોય તે લોડ જ બીલ ગણતરીમાં લેવાય મારામાં ખોટી રીતે લેવાયેલ છે. જો મને સાચો ન્યાય મળશે મે દાખલ કરેલ દિવાની દાવો પરત ખેંચવા સમ્મતિ આપું છું આથી મારી વિનંતી છે કે મને ખોટી રીતે આપેલ પુરવણી બીલ રદ કરી નિયમ મુજબ જે બીલ આપવા પાત્ર છે.તે આપશો તથા વધારાની રકમ જે લીધેલ છે. તે પરત આપવા વિનંતી છે.<br>મુખ્ય બાબત જણાવવાનું કે મે પાવર ચોરી કરી છે કે નથી કરી ? તે બાબત ની મારી કોઈ રજૂઆત નથી આ બાબત પી.જી.વી.સી.એલ. દ્વારા થયેલ ફોજદારી કેશથી કોર્ટમાં ચાલી રહેલ છે. મારી મુખ્ય રજૂઆત કલમ ૧૩૫ બાબતની નથી.મારી રજૂઆત નિયમ વિરુધ્ધ બિલની ગણતરી કરી છે તે બાબતની છે તે બાબત ખાસ ધ્યાનમાં લેવા વિનંતી આથી મને લોક સંવાદ સેતુ૨૦૧૬ના માધ્યમથી ન્યાય આપવા વિનંતી છે. | અરજદારશ્રી એ કરેલ રજૂઆત કોર્ટ કેસ ને લગતી હોય તથા અત્રેની કચેરીમાં ખાસ કોર્ટ અંતર્ગત કેસ નં. ૫/૨૦૧૩ થી કોર્ટમાં કેસ ચાલતો હોવાથી કોર્ટનો નિર્ણય અરજદારને તથા પીજીવીસીએલ ને અંતિમ રહેશે. હાલમાં રજુઆત માનનીય ન્યાય પાલીકામાં હોય, કોઇ ટીપ્પણી કરવી યોગ્ય નથી.<br>અરજદાર દ્વારા કરવામાં આવેલ રજૂઆત કોર્ટમાં કેસ પડતર હોય ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક. વહસ-૧૦૨૦૧૪-૯૬૨-વસુતાપ્ર-૨ સચિવાલય,ગાંધીનગર તા. ૧૦.૦૩.૨૦૧૬ ના ક્લોજ-નં.૧૧ મુજબ કોર્ટમાં પડતર હોય તેવી બાબતોનો સમાવેશ કરવાનો રહેતો ન હોવાથી આ પ્રશ્ન અંગે કોઇ ટીપ્પણી કરવી યોગ્ય નથી. | નિકાલ |

લોક સંવાદ સેતુ તા. ૨૩/૦૪/૨૦૧૬

તાલુકો –જસદણ જી. રાજકોટ

| | | |
|---|---|---|
| | પ્રશ્ન ક્રમાંક : ૫૨ | |
| અરજદારનું નામ – સરનામું : શ્રી અલાઉદિનભાઈ ગફારભાઈ ફ્રોગ મુ. આટકોટ તા. જસદણ જી. રાજકોટ | કચેરી : પી.જી.વિ.સી.એલ. જસદણ વિભાગીય કચેરી – જસદણ | |
| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
| આટકોટ જસદણ રોડ ઉપર સૌરાષ્ટ્ર પટેલ સંકુલ કોલેજ આવેલ છે આ કોલેજની અંદરથી ઉપરથી જી.ઇ.બી.ની લાઇન નીકળે છે.<br>આ કોલેજમાં ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને પિરિયડ બાદ ગ્રાઉન્ડમાં રમતાં હોય છે જેથી કરી આ વીજ લાઇનથી વિદ્યાર્થીઓ ઉપર અકસ્માત થવાનો ભય છે ક્યારેક કોઈ અકસ્માત બને અને કોઈ વિદ્યાર્થી ને ઇજા થાય છે તે પહેલા આ વીજ લાઇન તાત્કાલિક ફેરવવા આપ સાહેબના લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં આ પપ્રશ્ન નો હલ કરવા મારી આપ સાહેબને નમ્ર વિનંતી છે. | અરજદાર દ્વારા કરવામાં આવેલી અરજીને ધ્યાને લઈ જસદણ વિભાગીય કચેરીની હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરી આટકોટ દ્વારા મોજણી કાર્ય કરી નડતરરૂપ વીજ-લાઇન ફેરવવાનું નિયત ભાવપત્રક તા.૨૧-૦૪-૨૦૧૬ થી રકમ રૂ.૪૧,૪૬૦ નું અરજદારને આપેલ જેની રકમ અરજદારદ્વારા તા.૨૨.૦૪.૨૦૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ. જેના અનુસંધાને તા. ૦૪.૦૪.૨૦૧૬ના રોજ વીજ-લાઇન ફેરવવાનું કામ કરી આપવામાં આવેલ છે. | નિકાલ |